

॥ જય આશાપુરા મા કચ્છ-ભુજ ॥

Title-Code:-GUJGUJ18109

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર | Mo- 9016924808 | સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-02, ISSUE- 36,(SURAT), DATE-26/02/2025, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૨, અંક-૩૬, (સુરત), તા.૨૬/૦૨/૨૦૨૫ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીકટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.



2 આ વર્ષે સુરતમાં ૬૦૦ થી વધારે સ્થળોએ વૈદિક હોળી થશે

3 દેગામ નજીકથી કતલખાને લઇ જવાતા ૧૫ ગૌવંશ બચાવાયા

4 શ્રી અંબિકાનિકેતન મંદિર,બારડોલી ખાતે માતાજીની ૪૧ મી સાલગીરીની ઉજવણી


### ૩ માર્ચે સાસણમાં, ૭ અને ૮ માર્ચે સુરત-નવસારીમાં

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી મહિને બે વખત ગુજરાત આવશે

વડાપ્રધાન નરેન્દ્ર મોદી માર્ચ મહિનામાં બે વાર ગુજરાત આવે તેવી શક્યતા છે. મહિનાની શરૂઆતમાં ૩ માર્ચ તથા તે પછી ૭ અને ૮ માર્ચે તેઓ ગુજરાતમાં બે અલગ-અલગ વિસ્તારમાં જશે.

૩ જી માર્ચ દરમિયાન સાસણમાં યોજનારી નેશનલ વાઇલ્ડ લાઇફ બોર્ડની બેઠકમાં ભાગ લેવા મોદી આવશે, જયારે ૭ અને ૮ માર્ચે વિશ્વ મહિલા દિવસ સહિતની ઉજવણી માટે તેઓ સુરત અને નવસારીની મુલાકાત લેશે.

સૂત્રોના જણાવ્યા અનુસાર ૩ માર્ચે વિશ્વ વન્યસૃષ્ટિ દિવસ છે અને તે દિવસે જ મોદી પોતે હોદ્દાની રૂએ નેશનલ વાઇલ્ડલાઇફ બોર્ડના અધ્યક્ષ હોવાથી બેઠકમાં ભાગ લેવા સાસણ આવશે. અહીં તેઓ ૩૦૦૦ કરોડના પ્રોજેક્ટ લાયનનું લોચિંગ કરશે. ૨૦૪૭ના વર્ષને ધ્યાને રાખીને ગુજરાતમાં વધનારી સિંહોની વસતીને જોતાં આ પ્રોજેક્ટ હેઠળ ૮ સેટેલાઇટ સિંહ વસવાટ



**ગીરમાં ૩૦૦૦ કરોડના પ્રોજેક્ટ લાયનનું લોચિંગ પીએમ કરશે**

કેન્દ્રોમાં નિયંત્રણ, દેખરેખ અને પ્રાણીઓ માટેની હોસ્પિટલ સહિત સુવિધાઓ ખુલ્લી મુકાશે. તે પછી તેઓ ૭ માર્ચે સુરતમાં સાંજના સમયે અહીંના લિંબાયત વિસ્તારના નીલગીરી મેદાનમાં સરકારી યોજનાઓના લાભાર્થીઓને સહાય વિતરણ કાર્યક્રમમાં હાજરી આપશે. રાત્રિ રોકાણ સુરતમાં જ કરી બીજે દિવસે સવારે નવસારીમાં વિશ્વ મહિલા દિવસના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે અને અહીં પણ મહિલાલક્ષી યોજનાઓના લાભાર્થીઓને સહાયનું વિતરણ કરશે.

સૂત્રોએ જણાવ્યું કે, સાસણના કાર્યક્રમમાં મોદી આવશે તે મુજબનો આખરી સંદેશ મળ્યો નથી, પરંતુ કેન્દ્ર સરકારે તેમની હાજરી હશે

**નવસારીમાં વિશ્વ મહિલા દિવસના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે અને અહી પણ મહિલાલક્ષી યોજનાઓ ના લાભાર્થીઓને સહાયનું વિતરણ કરશે.**

તેમ માનીને કાર્યક્રમમાં સુરક્ષા સહિતની વ્યવસ્થા કરવાની રહેશે. દક્ષિણ ગુજરાતના કાર્યક્રમો માટેની ખાતરી આવી ગઇ હોવાથી ત્યાં સંબંધિત જિલ્લા કલેક્ટરોને અત્યારથી જ જાહેરસભામાં આવનારાં લોકોની વ્યવસ્થા કરવા જણાવી દેવાયું છે.

### શ્રી સાઈ પ્રશાંતિ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ બારડોલી દ્વારા ૬૫૬ મો આઈ કેમ્પ








શ્રી સાઈ પ્રશાંતિ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ બારડોલી દ્વારા સંચાલીત શ્રી સત્ય સાઈ હોસ્પિટલ, શાસ્ત્રી રોડ, બારડોલી ખાતે તા. ૨૪/૦૨/૨૦૨૫ ને સોમવારના રોજ ૬૫૬ માં આઈ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોતિયાના ઓપરેશનો લેન્સ સાથે ની:શુલ્ક કરવામાં આવ્યા. તેમજ દર્દી તથા તેમના સગાને ભોજન ( નારાયણ સેવા ) સન્મુખભાઈ પટેલ, આફવા તરફથી કરાવવામાં આવ્યું.

શ્રી સત્ય સાઈ હોસ્પિટલ, શાસ્ત્રી રોડ, બારડોલી ખાતે આંખ વિભાગ, દાંત વિભાગ અને ફિઝિયોથેરાપી વિભાગ સવારે ૯.૦૦ થી ૫.૦૦ ચાલે છે અને બધી જ સારવાર એકદમ ફ્રીમાં કરવામાં આવે છે. જરૂરિયાત મંદ લોકોને લાભ લેવા વિનંતી.

### જાગીર ટ્રસ્ટ દ્વારા તૈયારીઓ શરૂ કરવામાં આવી

## માતાનામઢમાં ૨૯ ના ઘટસ્થાપન બાદ ૩૦ માર્ચથી ચૈત્રી નવરાત્રિ મંદિર પરિસરમાં ગરબા, આરતી, પૂજન યોજાશે





લખપત તાલુકાના પ્રસિદ્ધ યાત્રાધામ માતાનામઢમાં ચૈત્રી નવરાત્રી પર્વની ઉજવણી થશે. ૨૯ માર્ચે રાત્રે ૯ વાગ્યે ઘટસ્થાપન વિધિ થશે. ૩૦ માર્ચે ચૈત્ર સુદ એકમથી નવરાત્રી પર્વનો આરંભથશે. ૨ એપ્રિલે સવારે ૯ વાગ્યે જનોઈ ધારણ વિધિ યોજાશે. ૪ એપ્રિલે રાત્રે ૯:૩૦ વાગ્યે ગાદી પૂજન, ૯:૪૫ વાગ્યે જગદંબા પૂજન અને ૧૦ વાગ્યે હોમહવન શરૂ થશે.

મઢ જાગીર અધ્યક્ષના હસ્તે ૧:૩૦ વાગ્યે શ્રીફળ હોમ સાથે પર્વનું સમાપન થશે. ચૈત્રી નવરાત્રી દરમિયાન મંદિર પરિસરમાં માતાજીના ગરબા યોજાશે. દરરોજ રાત્રે આરતી, પૂજન અને રાસ-ગરબા રમાશે. અશ્વિન નવરાત્રીની જેમ અહીં ચૈત્રી નવરાત્રીની પણ પરંપરાગત ઉજવણી થાય છે. મોટી સંખ્યામાં માઇભક્તો દર્શનાર્થે આવે છે. મંદિર પરિસરમાં મીની મેળાનો માહોલ જોવા મળે છે.

## બારડોલી જલારામ મંદિરમાં મહાશિવરાત્રિની ઉજવણી કરાશે

**બારડોલી-** બારડોલીના જલારામ મંદિરમાં આગામી ૨૬ મી ફેબ્રુઆરીએ મહાશિવરાત્રિની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. આ પવિત્ર દિવસે ભગવાન શિવને ઘીના કમળનું વિશેષ અર્પણ કરવામાં આવશે. ભાવિક ભક્તો ૨૭ મી ફેબ્રુઆરીના રોજ સવારે ૬:૩૦ વાગ્યાથી આ અલૌકિક દર્શનનો લાભ લઈ શકશે.

મંદિરના જીતુભાઈએ જણાવ્યું હતું કે, શિવરાત્રિના દિવસે સિદ્ધ કરેલા રુદ્રાક્ષ પણ પ્રસાદ રૂપે ૨૭ મીએ સવારે ૭ કલાકે વિતરણ કરવામાં આવશે. મહાશિવરાત્રિની ઉજવણીને લઈને ભક્તોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.












સૌ ભાવિક ભક્તોને મહા શિવરાત્રિ ની હાર્દિક શુભેચ્છા... તથા શુભકામના....!!!

ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર



Date-26/02/2025 Wednesday

# ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT

## આ વર્ષે સુરતમાં ૬૦૦ થી વધારે સ્થળોએ વૈદિક હોળી થશે જેમાં ૩૦૦ ટન ગોબર સ્ટીક વપરાશે



**સુરતની તમામ સંસ્થાઓ મળીને ૩૦૦ ટનથી વધુ ગોબર સ્ટીક અને છાણા તૈયાર કરશે ૬૫૦થી ૭૦૦ જગ્યાએ હોળી પ્રગટાવાશે. ૨૦૧૯ થી ગોબર સ્ટીકની શરૂઆત થઇ હતી વર્ષે ૧૫થી ૨૦ ટકા લોકો વૈદિક હોળી તરફ વળે છે.**

સુરત- ૧૩ મી માર્ચે હુતાસણી પર્વ આવી રહ્યું છે ત્યારે વધારેમાં વધારે લોકો ગોબર સ્ટીક અને છાણાની વૈદિક હોળી પ્રગટાવે તેવી ઘણી સંસ્થાઓ દ્વારા ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે.જેમાં ખૂબ જ સારું પરિણામ જોવા મળી રહ્યું છે આ વખતે ૬૦૦ થી ૭૦૦ સ્થળોએ ગાયના ગોબરમાંથી બનેલી સ્ટીક અને છાણાથી હોળી પ્રગટાવવામાં આવશે. જેના માટે અત્યારથી મોટાભાગની ગૌશાળાઓમાં બુકિંગ થવા લાગ્યું છે.

અમરોલી છાપરાભાઠા ગાંધારી આશ્રમ ગૌશાળાના મહંત કીશનદાસજી મહારાજે જણાવ્યું હતું કે છેલ્લા પાંચ વર્ષથી ગોબર સ્ટીક બનાવીએ છીએ અને મોટાભાગના લોકો હોળી પ્રગટાવા માટે લઈ જાય છે. વધારેમાં વધારે લોકો જોડાય અને પર્યાવરણ બચાવી શકાય તેવું અમારું લક્ષ છે.

એલબી ગૌક્રાંતિ સંસ્થાન પીપોદરાના મનીષ ગેલાણીએ જણાવ્યું હતું કે આ વખતે હજુ શરૂઆત કરી ત્યાં જ ૧૨ ટનનું બુકિંગ થઈ ગયું છે. સુરતની તમામ સંસ્થાઓ મળીને ૩૦૦ ટનથી વધુ ગોબર સ્ટીક અને છાણા તૈયાર કરશે ૬૫૦થી ૭૦૦ જગ્યાએ હોળી પ્રગટાવાશે. ૨૦૧૯ થી ગોબર સ્ટીકની શરૂઆત થઇ હતી વર્ષે ૧૫થી ૨૦ ટકા લોકો વૈદિક હોળી તરફ વળે છે.

હોળીમાં વેસ્ટેજ ન સળગાવો ૨ હોળી પર્વ એ પવિત્ર છે યજ્ઞ કહેવાય તેથી તેમાં પવિત્ર વસ્તુઓ હોમવી જોઈ પરંતુ અત્યારે ઘણા લોકો ફર્નિચરનો વેસ્ટ ટેકા ચોખાના લાકડાના કટકા અને કચરો સળગાવે છે તેને ભડકો કહેવાય હોળી ન કહેવાય માટે આવી ચીજો નહીં સળગાવો. ૬૦૦ વૃક્ષોને બચાવી શકાય ૬૦૦ જગ્યાએ વપરાય તો ૨૫ વર્ષની ઉંમરના ૬૦૦ ઝાડ બચી શકે છે. વૃક્ષનું લાકડું બળે ત્યારે વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઇડ રીલીઝ કરે છે.૧૦૦ કિલો છાણામાં ૧ કિલો ગાયનુંઘી નાખવામાં આવે તો વાતાવરણમાં ૧ કિલો ઓક્સિજન ક્રીએટ થાય છે.

## એસ્પીરેશનલ બ્લોક કુકરમુંડા ખાતે નાણાકીય સાક્ષરતા જાગૃતિ કાર્યક્રમ યોજાયો



**તાપી -** તાપી જિલ્લાના એસ્પીરેશનલ તાલુકો કુકરમુંડાના રાજપર ગામ ખાતે નાણાકીય સાક્ષરતા જાગૃતિ કાર્યક્રમ નું આયોજન આરોહ ફાઉન્ડેશન ના માધ્યમ થી કરવામાં આવેલ હતું. જેમાં તાલુકાના કારોબારી અધ્યક્ષાશ્રી યોગીતાબેન વળવી એ લોકોને સાયબર ફ્રોડ થી સાવધ રહેવા અપીલ કરી હતી.

તથા લીડ બેંક મેનેજર રસિક જેઠવા દ્વારા બેંકો ની વિવિધ યોજના જેવી કે કિસાન ક્રેડિટ કાર્ડ, સખી મંડળ ને લોન તથા જીવન સુરક્ષા વીમા યોજના જેવી કે પ્રધાનમંત્રી જીવન સુરક્ષા વીમા યોજના તથા પ્રધાનમંત્રી જીવન જયોતિ વીમા યોજના અંગે માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ સાથે બેંક ઓફ બરોડાના ફાઇનાન્સીયલ ઈનચાર્જ કપિલ મૂલીયાના એ અટલ પેન્શન યોજના તથા બીસી એટલે કે બિઝનેસ કોર્સપોન્ડન્ટ વિશે માહિતી આપી હતી.

આ પ્રસંગે વિવિધ વક્તાઓ દ્વારા લોકોને સાઇબર ફ્રોડ જેવા વિવિધ વિષયો પર પણ માહિતી પૂરી પાડવામાં આવી હતી. આ પ્રસંગે આરોહ ફાઉન્ડેશન ના ડિસ્ટ્રિક્ટ કો ઓર્ડીનેટર અજીત ડોડિયા અને લક્ષ્મણ ભાઈ તથા ગોરખ વળવી અને તેમની ટિમ દ્વારા જાગૃતિ કેમ્પ નું સરસ રીતે આયોજન કરવામાં આવેલ હતું.

**બિલવાણમાં સ્કૂલ પાસે બાઈક વડે સ્ટંટબાજીનો મામલો**

## પોલીસે આરોપીની ઓળખ કરી બેદરકારીભર્યું વાહન ચલાવવા અને અન્ય લોકોના જીવને જોખમમાં મૂકવા બદલ ફરિયાદ નોંધી



**બારડોલી-** સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકાના બિલવાણ ગામમાં એક યુવકે સ્કૂલની છોકરીઓ સામે બાઇક સ્ટંટ કરીને સોશિયલ મીડિયા પર વીડિયો અપલોડ કર્યો હતો. આ મામલે પોલીસે કાર્યવાહી કરી હતી. ઉમરપાડા પોલીસ સ્ટેશનના અ.પો.કો. સંજયભાઈ વસાવાને સોશિયલ મીડિયા પરથી માહિતી મળી હતી કે બિલવાણ ગામની શાળા પાસે એક યુવક સ્પોર્ટ્સ બાઈક પર સ્ટંટ કરી રહ્યો છે. આ વીડિયો તા. ૨૦ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ રાત્રે ૨૨:૪૪ કલાકે અપલોડ કરવામાં આવ્યો હતો.

તપાસમાં જાણવા મળ્યું કે આરોપી સાહિલકુમાર રાજેશભાઈ વસાવા (રહે. નિશાળ ફળિયું, બિલવાણ) એ પોતાના ઈન્સ્ટાગ્રામ આઈડી 'its sahil200 પરથી આ વીડિયો અપલોડ કર્યો હતો. તેણે બજાજ પલ્સર GJ-૧૯-BK-૬૧૮૫) બાઈક પર સ્ટંટ કર્યા હતા. આ બાઈક તેની માતા અંજનાબેન મંજીભાઈ વસાવાના નામે રજિસ્ટર્ડ છે. પોલીસે આરોપી સામે બેદરકારીભર્યું વાહન ચલાવવા અને અન્ય લોકોના જીવને જોખમમાં મૂકવા બદલ ફરિયાદ નોંધી છે. આરોપીએ શાળાની છોકરીઓ બહાર નીકળતી હોય તે સમયે પૂરઝડપે અને બેદરકારીથી વાહન ચલાવ્યું હતું.

## પલસાણામાં ૨૧.૨૪ લાખનો વિદેશી દારૂ ઝડપાયો, બે આરોપી પકડાયા, બે વોન્ટેડ

**બારડોલી-**સુરત જિલ્લા એલસીબીએ પલસાણા તાલુકાના સોયાણી ગામની સીમમાં મોટી કાર્યવાહી કરી છે. પોલીસને મળેલી બાતમીના આધારે સીમા ઓટો પેટ્રોલપંપની પાછળ આવેલી ખુલ્લી જગ્યામાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે.

પોલીસે બે આરોપીઓને પકડ્યા છે.જેમાં ઉત્તરપ્રદેશના મૈનપુરીનો વતની સુગરસિંગ જાટવ (૩૭) અને પ્રયાગરાજનો વતની અશોકકુમાર ભારતીયા (૩૭) નો સમાવેશ થાય છે. આ કેસમાં બે આરોપીઓ વોન્ટેડ છે. જેમાં બિલીમોરાની પારુલબેન કે જેણે માલ ભરાવ્યો હતો અને કડોદરાના પિંકેશ શુક્લા કે જેણે માલ મંગાવ્યો હતો, તેમનો સમાવેશ થાય છે.

પોલીસે કુલ ૨૧,૨૪,૦૪૪ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. જેમાં ૧,૭૦૪ વિદેશી દારૂની બોટલ



(કિંમત ૨,૧૪,૯૪૪ રૂપિયા), એક ટાટા ટેમ્પો (કિંમત ૧૨ લાખ), એક ઇનોવા કાર (કિંમત ૭ લાખ), બે મોબાઇલ ફોન (કિંમત ૫૫૦૦ રૂપિયા) અને રોકડ રકમ ૩૬૦૦ રૂપિયાનો સમાવેશ થાય છે. સુરત જિલ્લા પોલીસને પ્રોહિબિશન અને જુગારની પ્રવૃત્તિઓ નાબૂદ કરવા માટે વિશેષ સૂચનાઓ આપવામાં આવી હતી. જેના ભાગરૂપે એલસીબીના પોલીસ ઇન્સપેક્ટર આર.બી.ભટોળે વિવિધ ટીમો બનાવી પેટ્રોલિંગ દરમિયાન આ સફળતા મેળવી છે.

**મહિલાઓના કુંભસ્નાનના વીડિયો અપલોડ કરનારા વધુ 3 ઝડપાયા**

## સુરતી આરોપી પરીત ઓઇલ કંપનીનો માલિક, પત્ની સાથે ભવ્ય બંગલોમાં હિંચકતો હતો ને દબોચ્યો



રાજકોટની પાયલ હોસ્પિટલના સીસીટીવી ફૂટેજ વાઇરલ મામલે આજે (૨૩ ફેબ્રુઆરી) અમદાવાદ સાયબર ક્રાઈમે વધુ ત્રણ આરોપીની ધરપકડ કરી છે. જેમાં એક આરોપી સુરતનો હોવાનું સામે આવ્યું છે, જયારે બે આરોપી મહારાષ્ટ્રના છે. સુરતના પરીત ધનશ્યામભાઈ ધામેલિયાએ પાયલ હોસ્પિટલના સીસીટીવી કેમેરા હેક કર્યા હતાં. જયારે મહારાષ્ટ્રના રાયન રોબીન પરેરાએ હોસ્પિટલના સીસીટીવી કેમેરા હેક કરવાની સાથે ટેલિગ્રામ આઇડી પર વીડિયોનું વેચાણ કર્યું હતું. મહારાષ્ટ્રનો વૈભવ બંડુ માને જે પ્રજવલ તૈલીનો પાર્ટનર છે અને ટેલિગ્રામ ચેનલનુ માર્કેટિંગ કર્યું હતું. ઉલ્લેખનિય છે કે, અગાઉ ત્રણ આરોપી ઝડપાયા હતા, જેના કોર્ટે ૧ માર્ચ સુધીના રિમાન્ડ મંજૂર કર્યા છે. આરોપીઓની પૂછપરછમાં અનેક લોકોના નામ અને રાજ ખુલવાની શક્યતાં છે.

સુરતનો પરીત કતારગામની સુંદરવન સોસાયટીમાં આવેલા ભવ્ય બંગલોમાં રહે છે. રત્ન કલાકારમાંથી ઇન્ડસ્ટ્રીય ઓઇલ કંપનીનો માલિક બન્યો હતો. તે જયારે પત્ની સાથે હિંડોળે હિંચકતો હતો ત્યારે જ સાયબર ક્રાઇમે તેને દબોચી લીધો હતો.

## ડોડવાના ઘરમાં આગ, કબાટમાં મુકેલા ૧.૫૦ લાખ સહિત દસ્તાવેજ પણ ખાક



કુકરમુંડા- કુકરમુંડા તાલુકાના ડોડવા ગામ ખાતે જાનાબેન પાડવીના ઘરમાં શુક્રવારે સવારે ક આગ લાગી હતી. જેમાં ઘરમાં કબાટમાં મુકેલ જરૂરી દસ્તાવેજ અને આશરે ૧. ૫૦ લાખ સહીત ઘર વખરી સમાન સાથે ઘર બળીને ખાક થયો હતો.

ફૂલવાડી ગ્રુપ ગ્રામ પંચાયતમાં સમાવેશ ડોડવા ગામમાં જાનાબેન ધારાસિંગ પાડવીના ઘરમાં સવારમાં શોર્ટ -સર્કિટ કારણે આગ લાગતા અફરા-તફરીનો માહોલ સર્જાયો હતો. જોકે ઘરના તમામ સભ્યો ઘરમાંથી બહાર નીકળી આવેલ હતા. પરિવાર સહીત આજુબાજુ બુમાબુમ થતાં જ લોકો ભેગા થઇ ગયા હતા અને આગને કાબૂમાં કરવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આગને કાબૂમાં કરવા સોનગઢ પાલિકાની ફાયર બ્રિગેડ તેમજ મહારાષ્ટ્ર નંદુરબાર તલોદાની ફાયર બ્રિગેડનો સંપર્ક કર્યો હતો. જેમાં તલોદાની ફાયર બ્રિગેડ સ્થળ ઉપર પહોચી આગને કાબૂમાં કરે તે પહેલા સંપૂર્ણ ઘર બળી ગયું હતું. ઘર વખરી સમાન અને કબાટમાં મુકેલા ૧.૫૦ લાખ રોકડા સહીત દસ્તાવેજ પણ બળીને ખાક થઇ ગયા હતા. અહીં સોનગઢ ફાયર બ્રિગેડ પહોચે તે પહેલા ઘર બળીને ખાક થયુ હતું.

## મહિલા-પુરુષને ખેંચી ખેંચીને વાનમાં ધુસાડ્યાં:TET-TAT પાસ ઉમેદવારોએ સિવિલ બહાર ઉગ્ર આંદોલન કરતાં ઘર્ષણ



ગાંધીનગર- ગુજરાતમાં TET-TAT પાસ ઉમેદવારોએ શિક્ષક ભરતી પ્રક્રિયાને લઈને આજે ગાંધીનગર સત્યાગ્રહ છાવણીએ ઉગ્ર આંદોલનનું એલાન કર્યું હતું. આજે મોટી સંખ્યામાં ઉમેદવારો ગાંધીનગર સિવિલની બહાર ભેગા થયા હતા. જે સત્યાગ્રહ છાવણીએ ઉમટે એ પહેલાં પોલીસે અટકાયત કરતાં ઉમેદવારો અને પોલીસ વચ્ચે ઘર્ષણના દૃશ્યો સર્જાયા હતા. પોલીસે અઢીસોથી વધુ ઉમેદવારોની ટીંગાટોળી કરી અટકાયત કરી છે.

ઉમેદવારોની મુખ્ય માંગણીઓમાં શિક્ષણ સહાયક (૯ થી ૧૨) નું PML અને DV શિડ્યૂલ જાહેર કરવાનો સમાવેશ થાય છે. ધોરણ ૧થી૮ વિદ્યા સહાયકમાં કેટેગરી અને વિષય મુજબ જગ્યાઓની યાદી જાહેર કરવાની માંગ છે. આ ઉપરાંત, ૫૭૦૦ જૂના શિક્ષકો અને ૧૨૦૦ આચાર્યની બદલી બાદ ખાલી પડનારી જગ્યાઓ વર્તમાન ભરતીમાં ઉમેરવાની માંગણી છે. ગત વર્ષે મંજૂર થયેલા ૨૭૫૦ વિદ્યા સહાયકની જગ્યાઓ પણ વર્તમાન ભરતીમાં સામેલ કરવા માંગ કરાઈ છે. ઉમેદવારોની પાંચમી મુખ્ય માંગણી ઉનાળુ વેકેશન પહેલાં સંપૂર્ણ ભરતી પ્રક્રિયા પૂર્ણ કરી નિમણૂક પત્રો આપવાની છે.

મોટી સંખ્યામાં ઉમેદવારો ગાંધીનગર સિવિલની બહાર ભેગા થયા હતા. જે સત્યાગ્રહ છાવણીએ ઉમટે એ પહેલાં પોલીસે અટકાયત કરતાં ઉમેદવારો અને પોલીસ વચ્ચે ઘર્ષણના દૃશ્યો સર્જાયા હતા. પોલીસે અઢીસોથી વધુ ઉમેદવારોની ટીંગાટોળી કરી અટકાયત પોલીસ હેડ ક્વાટર્સ લઇ જવાયા છે.

## વડોદરાને વિશ્વામિત્રી નદીમાં પૂરમાંથી રાહત માટે બફર તળાવના ખોદકામનું મેયરના હસ્તે ખાત મુહૂર્ત

વડોદરા શહેરની મધ્યમાંથી પસાર થતી વિશ્વામિત્રી નદીમાં પૂરની પરિસ્થિતિમાં રાહત મળે તેને ધ્યાનમાં રાખી દેણા ગામ પાસે બફર તળાવનું ખોદકામ સીએસઆર ફંડમાંથી કરવાનો નિર્ણય મ્યુનિસિપલ કમિશનર દિલીપ રાણાએ કર્યો હતો. તે બાદ આજે દેણા ગામ ખાતે મેયર પિન્કીબેન સોનીના હસ્તે તળાવ ખોદકામની કામગીરીનું ખાત મુહૂર્ત કરવામાં આવ્યું હતું.

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આજવા સરોવર અને પ્રતાપપુરા સરોવર ઊંડું કરવા માટી ખોદકામની કામગીરીમાં પણ લોક ભાગીદારીનો અભિગમ અપનાવવામાં આવ્યો છે જે કોઈ વ્યક્તિને માટીની જરૂરિયાત હોય તેવાને માટીનો જથ્થો વિના મુજે આપવામાં આવશે. જે અંગેની મંજૂરી રાજય સરકારના ખાણ ખનીજ વિભાગે તાજેતરમાં આપી દીધી હતી. વડોદરા પાસે દેણા ગામથી વિશ્વામિત્રી નદી વડોદરામાં પ્રવેશ કરે છે તે સ્થળે બફર તળાવ બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૨૫ કરોડ લિટર પાણીનો જથ્થો સંગ્રહ કરી શકાશે. આ માટે પણ મ્યુનિસિપલ કમિશનર દિલીપ રાણાએ કંપનીઓ પાસેથી સામાજિક સેવા માટે ફાળવવામાં આવતા સીએસઆર ફંડની માંગણી કરી હતી અને તે માંગણી કેટલી કંપનીએ સ્વીકારી છે. જેથી તળાવ ખોદકામનો ખર્ચ કોર્પોરેશનને ભોગવવાનો આવશે નહીં. આ તળાવના ખોદકામ બાદ જે પાણી સંગ્રહ થશે તે પ્રજા સુધી પહોંચે તે માટેનું પણ આયોજન વિચારવામાં આવી રહ્યું છે.

આજે સવારે દેણા ગામ ખાતે બપોર તળાવના ખોદકામની શરૂઆત કરવામાં આવી છે જે ચોમાસા પૂર્વે કામગીરી પૂર્ણ થઈ જાય તે પ્રમાણેનું આયોજન કરવામાં આવ્યું છે. આજે યોજાયેલા ખાતમુહૂર્તના



**જેથી તળાવ ખોદકામનો ખર્ચ કોર્પોરેશનને ભોગવવાનો આવશે નહી. આ તળાવના ખોદકામ બાદ જે પાણી સંગ્રહ થશે તે પ્રજા સુધી પહોચે તે માટેનું પણ આયોજન વિચારવામાં આવી રહ્યું છે.**

કાર્યક્રમમાં ડેપ્યુટી મેયર ચિરાગ બારોટ, સ્થાયી સમિતિ અધ્યક્ષ ડોક્ટર શીતલ મિસ્ત્રી, દંડક શૈલેષ પાટીલ, જાગૃતિબેન કાકા સહિત કોર્પોરેટરો ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ.......

# શ્વાસ ચાલે છે ત્યાં સુધી જીવન એક અવસર છે



તંત્રી- હિમાંશુસિંહ ઠાકોર

અદ્દભૂત ખેલાડી હોય કે અનન્ય યોદ્ધો તેને પળ પર હસ્તાક્ષર કરવાની ટેવ હોય છે. આખરે ઈતિહાસ પણ છે તો પળોનો સરવાળો જ ને!

પૈસા હોય કે પરીક્ષા, માર્ચ અને એપ્રીલ કપરો કસોટી કાળ છે. આખું વરસ વાવેતર કર્યું કે વેડફાટ તેનું સરવૈયું કરવાનો સમય છે. અલબત આપણે પાછા ફરીને આરંભ બદલી શકતા નથી પણ અત્યારે જયાં છીએ ત્યાંથી નવેસરથી આરંભીને અંત બદલી શકીએ છીએ. ખરી ગેમ ચેઇન્જર તો પળ હોય છે. અદ્દભૂત ખેલાડી હોય કે અનન્ય યોધ્ધો તેને પળ પર હસ્તાક્ષર કરવાની ટેવ હોય છે. આખરે ઈતિહાસ પણ છે તો પળોનો સરવાળો જ ને ! તેમાં જીવનનું જોશ છે, અહંકાર નથી. તેમાં વિકલ્પ વિનાનો સંકલ્પ છે.

એક વખત એક શાળાના મેદાનમાં બે સ્થાનિક ટીમો વચ્ચે ફુટબોલની મેચ રમાઈ રહી હતી. એક વડીલે છોકરાવની ટોળી વચ્ચે બેઠેલાં ટેણીઆને પૂછ્યું, 'શું સ્કોર થયો છે ?' ત્યારે પેલો છોકરો સહેજ મલકાઈને કહે, 'ટીમ 'અ' અમારી ટીમ 'બ' થી ૩-૦ થી આગળ છે.' ત્યારે પેલા વડીલ છોકરાને પોરસાવા માટે કહે,' સાચ્ચે ? બાકી તું તો સહેજ પણ નિરાશ નથી દેખાતો. સારું કહેવાય.' તેના જવાબમાં પેલો છોકરો અદ્દભૂત જવાબ આપે છે, 'નિરાશ શું કામ થાઉં ? જયારે રેફ્રીએ ગેમ ઓવર થવાની છેલ્લી વ્હીસલ હજુયે ક્યાં મારી છે, મને મારી ટીમ પર ભરોસો છે, મને ખાતરી છે કે મારી ટીમ જીતશે.' અને સાચ્ચે જ રેફ્રી ગેમ ઓવરની છેલ્લી વ્હીસલ મારે તે પૂર્વે પેલા છોકરાની 'બ' ટીમ ૫-૪ થી જીતી ગઈ. જયારે પ્રેક્ષકો વિખેરાતા હતા ત્યારે પેલા છોકરાએ વડીલ સામે આંગળીઓથી વી ફોર વિકટરી કરી દેખાડયું.

શ્વાસ ચાલે છે ત્યાં સુધી જીવન એક અવસર છે. સુર્યાસ્ત ન થાય ત્યાં સુધી કદાચ વાદળ ખસી જાય અને સૂર્ય પ્રગટી જાય. છેલ્લી ઓવરમાં છક્કા બોલે છ રન આપણે જોયા છે. ચાલતી ટ્રેનના છેલ્લા ડબાનું હેન્ડલ દોડીને પકડી શકાય છે. છુટા પડતા પ્રેમને અનિમેષ નિરખ્યા કરો. કદાચ તે એકવાર જોઈ લે કે કાયમ માટે પાછો પણ ફરે. જીવન કથામાં વળાંકો તો આવ્યા કરવાના. ખરો પ્લોટ એ તો છે, જેમાં પાને પાને ટ્વીસ્ટ અને ટર્ન આવ્યા કરે.

આશા કે આસ્થા એ કોઈ બંધારણે આપેલો અધિકાર નથી કે કાયદાએ આપેલી બાહેંધરી નથી એ તો અવિરત અને અથાક પ્રયાસ છે. સજાગતા અને સમગ્રતાથી થતો આયાસ છે. હેલન કેલર કહેતા, 'જીવન ક્યાં તો જબરદસ્ત સાહસ છે અથવા તો કશું નથી' ક્યારેક આપણો પ્રયાસ કે આપણી લડાઈ અન્યને હરાવવા માટે નથી હોતી પણ આપણો સ્વયંનો રેકર્ડ તોડવા માટે અને ઇતિહાસ નવેસરથી લખવા માટે હોય છે. ગેમ ઓવર થવાની છેલ્લી વ્હીસલ વાગે નહીં ત્યાં સુધી જીવન આપણને પાઠ ભણાવવાનું છોડતું નથી તો પછી આપણે પણ જીવનના પાઠ ભણવાનું છોડવું ન જોઈએ. પણ હા, યાદ રાખીએ કે છેલ્લી વ્હીસલ આપણે ક્યારેય મારવાની હોતી નથી.

ઈનોવા કાર ભાડે થી મળશે
૫-સિટર
૭-સિટર



સંપર્ક- અનિલભાઈ
મો.97242 60058




સંપર્ક—મિતેશ દેસાઈ Mo-9879518431
બ્લોક નં. એ—૧૩૮, પ્લોટ નં. ૬, ટ્રાસપોર્ટ, કેમ્પસ, નેશનલ રોડ— ૪૮, નવાગામ, ઉધોગ નગર, કામરેજ સુરત

### બારડોલી તાલુકામાં ચેન સ્નેચરો તેમજ દારૂના વેચાણ અને હેરફેર કરતા બુટલેગરો સામે તાકીદે કડકમાં કડક પગલાં લેવા બાબતે

# બારડોલીનાં મહિલા આગેવાન સ્વાતિબેન પટેલ દ્વારા પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી ગાંધીનગરને બારડોલી નગર સહીત સમગ્ર તાલુકામાં કાયદો વ્યવસ્થા જાળવવા પત્ર લખી રજુઆત

**બારડોલી-** સુરત જિલ્લાના બારડોલી તાલુકામાં ચેન સ્નેચરો તેમજ દારૂના વેચાણ અને હેરફેર કરતા બુટલેગરો સામે તાકીદે કડકમાં કડક પગલાં લેવા બાબતે બારડોલી નાં મહિલા આગેવાન સ્વાતિબેન પટેલ દ્વારા પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી,પહેલો માળ, પોલીસ ભવન,સેક્ટર-૧૮, ગાંધીનગરને બારડોલી નગર સહીત સમગ્ર તાલુકામાં કાયદો વ્યવસ્થા જાળવવા પત્ર લખી રજુઆત કરવામાં આવી.

સરકાર દ્વારા કાયદો વ્યવસ્થાનો કડક માં કડક અમલ કરાવી નાગરિકોની સુરક્ષા માટે અનેક પ્રયત્નો કરવામાં આવે છે. પરંતુ છેલ્લા કેટલાક સમય થી સુરત જિલ્લાનાં બારડોલી નગર અને તાલુકા વિસ્તારમાં કાયદો વ્યવસ્થાની સ્થિતિ કઠરતી જઈ રહેલ છે અને ગુનેગારો બેફામ બન્યા છે. ગુનેગારો ને જાણે પોલીસ અને કાયદાનો ડર રહ્યો જ ના હોય એવા બનાવો સામે આવી રહ્યા છે. જેમ કે હાલમાં જ સમાચાર પત્ર દ્વારા જાણવા મળેલ માહિતી મુજબ બારડોલી નગરમાં વોકિંગ પર નીકળેલ પ્રિન્ટિંગ માસ્ટર જયેશભાઇ મગનભાઈ પટેલ નાં ગળા માંથી ચેન સ્નેચરો સોનાની ચેન તોડી ભાગી ગયેલ હતા. છેલ્લા એક જ અઠવાડીયા માં ૩ વખત એક સ્થળે ચેન સ્નેચિંગ ના બનાવ બનવા પામ્યા છે રાત્રે ૯ વાગ્યાના અરસામાં ચોરી જેવી ઘટના બની રહી છે રોજે રોજે ચોરીનો બનાવ બની રહયો હોઈ,જેના કારણે સમગ્ર બારડોલી વિસ્તાર માં ડર નો માહોલ બની જવા પામેલ છે. કારણ કે ધોરે દિવસે જો ચેન સ્નેચરો દ્વારા આ રીતે ગુના ને અંજામ આપવામાં આવી રહ્યો હોય તો કાલે અન્ય કોઈ ગુના ની શું ઘટના બને એ માટે કશું કહી શકાય તેમ નથી. જેથી બારડોલી તાલુકાના વિસ્તારમાં મહિલાઓ અને બાળકોની સુરક્ષા માટે પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે આ માટે સ્થાનિક પોલીસ દ્વારા તત્કાલ કડક માં કડક વલણ અપનાવવામાં આવે એ જરૂરી છે.

વધુમાં જણાવવાનું કે બારડોલી તાલુકાના વિસ્તારમાં બુટલેગરો દ્વારા દારૂ વેચાણ અને દારૂના હેરફરે નો ધંધો બેફામ બન્યો છે. બુટલેગર કોઈ પણ જાતના કાયદા નાં ડર વિના ખુલ્લે આમ દારૂ નું વેચાણ અને હેરફેર કરી રહ્યા છે અને સ્થાનિક પોલીસ મુખપ્રેક્ષક બની રહેલ છે. બારડોલી નગર માં હાલમાં જ ઘર ફોડવાના ગુના ની ઘટના બનવા પામેલ હતી અને રોજબરોજ અનેક ગુના થવાના નવા નવા બનાવો સામે આવી રહ્યા છે. જે ખુબ જ ગંભીર બાબત છે.

વધુમાં જણાવવાનું કે આ સમગ્ર બાબતે જો સ્થાનિક પોલીસ દ્વારા તકેદારી રાખવામાં આવેલ હોત તો આજે ગુનેગારો બેફામ બનતે નહિ. સ્થાનિક પોલીસ દ્વારા જે રીતે પેટ્રોલિંગ થવું જોઈએ એ રીતે પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું નથી.જયારે કોઈ દારૂ નાં આરોપીઓ પડકાદ છે ત્યારે તેમની સામે માત્ર નામ પૂરતી કાર્યવાહી કરવામાં આવે છે, પરંતુ જે મૂળ બુટલેગરો છે તેઓ સામે કોઈ પગલાં ભરવામાં આવતા નથી.

આપશ્રી મારી રજુઆત ને ધ્યાને રાખી બારડોલી નગર સહીત સમગ્ર તાલુકામાં મહિલાઓ, બાળકો અને રહીશો ગુનેગારો નાં ડર માં જીવે નહિ એ માટે તત્કાલ ગુનેગારો સામે કડક માં કડક કાર્યવાહી કરાવશો અને બુટલેગરો દ્વારા કરવામાં આવી રહેલ દારૂના વેચાણ અને હેરફેર બંધ કરાવવા સ્થાનિક પોલીસ ને સૂચના આપી તેમની સામે કાયદેસરની કર્યાવહો લોકહિત માં કરાવશો

# દેગામ નજીકથી કતલખાને લઇ જવાતા ૧૫ ગૌવંશ બચાવાયા



ચીખલી- ચીખલી બનાવની પોલીસ મથકેથી પ્રાપ્ત વિગત અનુસાર શનિવારની સવારના સાડા નવેક વાગ્યાના અરસામાં ગૌરક્ષક મહેન્દ્રસિંહ દ્વારા મળેલ બાતમીના આધારે પીએસઆઈ-એચ.એસ. પટેલ, હે .કો-ધનસુખભાઈ સહિતના સ્ટાફે બાતમી મુજબ મુંબઇ-અમદાવાદ ને. હા. નં-૪૮ દેગામ ગામની સીમમાં રોડની સાઈડ પર ઉભી રહેલ ટ્રક નં-GJ-૨૪-AX-૧૫૯૫ માં ખીચોખીચ ઘાસચારા વિના ટૂંકા દોરડા થી ગૌવંશો બાંધેલ જોવા મળતા અને ત્યાં હાજર ક્લીનર પાસે કોઇ પાસ પરમીટ પણ ન હોય ગાય,વાછરડાં સહિત પંદર જેટલા ગૌવંશોનો ચીખલી પોલીસે કબ્જો લઈ મેડિકલ તપાસ કરાવી નવસારીના ખડસુપા સ્થિત પાંજરાપોળ ખાતે મોકલવામાં આવ્યા હતા. પોલીસે ગુજરાત પશુ સરક્ષાણ અધિનિયમની જોગવાઈ મુજબ ગુનો નોંધી ટ્રકની કિ. રૂ. ૫-લાખ નો કબજો લઈ ક્લીનર મજના સલીમ ખાન (ઉ.વ-૨૪) (રહે.ફગલુ કાતલા તા. ધનોવ જી. બાડમેર, રાજેસ્થાન) ની ધરપકડ કરી હતી. જયારે ટ્રક ચાલક અહમદ મેહરા (રહે. કુંદનપુર બાડમેર રાજેસ્થાન) ને પોલીસ ચોપડે વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી હતી. ગૌવંશોને મુંબઇ ખાતે લઈ જવામાં આવી રહ્યા હોવાનું જાણવા મળ્યું હતું.

# નવસારી કૃષિ યુનિ. કેમ્પસના ૨૦૦ વૃક્ષો પર QR કોડની કામગીરી હાથ ધરાઇ



નવસારી- નવસારી આજના યુગમાં માણસોની સાથોસાથ વૃક્ષો પણ હવે ડિજીટલ થયા છે, નવસારીમાં વૃક્ષો પર ક્યુઆર કોડ લગાવવામાં આવ્યા છે. જેના કારણે કોઇપણ વ્યક્તિ સ્કેન કરીને વૃક્ષ વિશે એક જ ક્લિક પર માહિતી મેળવી શકશે. નવસારી કૃષિ યુનિવર્સિટીના કોલેજ ઓફ ફોરેસ્ટ્રી દ્વારા એક નવી શરૂઆત કરવામાં આવી છે, જેમાં વૃક્ષોનું ડિજીટાઇઝેશન કરવામાં આવ્યું છે. યુનિવર્સિટી કેમ્પસમાં ઉગતી વિવિધ વન પ્રજાતિઓ માટે QR કોડ વિકસાવવામાં આવ્યા છે. જેનું ઉદ્ઘાટન કુલપતિ ડો. ઝેડ.પી. પટેલના હસ્તે કોલેજ પરિષરમાં કરવામાં આવ્યું હતું. આ QR કોડ દરેક વૃક્ષો પર લગાવવામાં આવ્યા છે. જેને સ્કેન કરવાથી માત્ર એક જ ક્લિક અને ક્ષણમાં વૃક્ષનું નામ, તેનું વૈજ્ઞાનિક નામ, ફેમિલી, નેટિવ, ટ્રી મેનેજમેન્ટ, રોગ, બાયોલોજી, ઇકોલોજી જેવી સંપુર્ણ માહિતી આપતી પીડીએફ ફાઇલ ફોનમાં ડાઉનલોડ થઇ જશે. એકવાર ફાઇલ ડાઉનલોડ થઇ ગયા બાદ ફરીવાર ચછ કોડ કરવાની જરૂર નહી રહે.

હાલ પ્રાથમિક ધોરણે ૧૫ વૃક્ષો માટે ઓળખ ચછ કોડ બનાવવામાં આવ્યા છે. જેમાં સાગ, બહેડો, ટીમરૂ, સફેદ સીરસ, શીશુ, નીલગીરી, હરડે, સેવન, ચોર આમલો, શરૂ, બંગાળી બાવળ, બોરસલી, ચંદન, મહોગની, ખાખરાનો સમાવેશ કરાયો છે. બાયોડાવર્સીટી પાર્ક, આરબોરેટમ તેમજ યુનિવર્સિટી કેમ્પસના મુખ્ય રોડની આજુબાજુ આવેલ ૨૦૦ વૃક્ષો પર હાલ ચછ કોડ લગાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. ટેકનોલોજીના ઉપયોગના કારણે આ પ્રોજેક્ટ વિદ્યાર્થીઓની સાથોસાથ મુલાકાતીઓ અને સવાર-સાંજ કુદરતી વાતાવરણની અનુભૂતિ કરવા આવનાર લોકોને પણ ઘણુ મદદરૂપ થશે. દરેક લોકો વૃક્ષના ડિજીટાઇઝેશનથી મોબાઇલની એક ક્લિક પરથી વૃક્ષની સંપુર્ણ માહિતી પ્રાપ્ત કરી શકશે. વિભાગોમાં પણ કોડ લગાવવાનું આયોજન વૃક્ષોના ચછ કોડ લગાવવાની કામગીરી થયા બાદ ભવિષ્યમાં અમે અલગ-અલગ વિભાગોની બહાર પણ આવી જ રીતે કોડ લગાવી જેતે વિભાગની સંપુર્ણ માહિતી આપવાનું અમે વિચારી રહ્યાં છીએ.

# પદમડુંગરી પ્રાથમિક શાળામાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના ૨.૦ અંતર્ગત વોટરશેડ યાત્રા કાર્યક્રમ યોજાયો






**તાપી-** તાપી જિલ્લાના ડોલવણ તાલુકાની પદમડુંગરી પ્રાથમિક શાળામાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી રામનિવાસના માર્ગદર્શન અને DWDU પ્રોજેક્ટ ડાયરેક્ટર શ્રીમતી ખ્યાતિ પટેલના અધ્યક્ષસ્થાને પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના ૨.૦ અંતર્ગત વોટરશેડ યાત્રા કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં જળસંચય, જળસંગ્રહ અને પર્યાવરણ સંરક્ષણ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

આ તકે રથયાત્રાને લીલી ઝંડી આપીને મહાનુભાવોએ સભા મંડપમાં ઉપસ્થિત નાગરિકોને યોજના સંદર્ભે ઝીણવટપૂર્ણ માહિતી આપીને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. યોજનાકીય લાભ મેળવનાર લાભાર્થીઓએ પોતાના અનુભવ અને મંતવ્ય રજૂ કર્યા હતા. ઉત્કૃષ્ટ કામગીરી માટે લાભાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત સૌએ જમીન અને જળ સંરક્ષણની સામુહિક પ્રતિજ્ઞા લઈને રથના માધ્યમથી ઉપસ્થિત નાગરિકોએ યોજનાની માહિતીસભર ફિલ્મ નિહાળી હતી. સાથે પર્યાવરણ જાગૃતિ માટે આયોજિત ચિત્ર સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. તાપી જિલ્લાના જળસ્ત્રાવ વિકાસ એકમ દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રોજેક્ટ અંતર્ગત પદમડુંગરી પ્રોજેક્ટમાં કુલ આઠ ગામોનો સમાવેશ થાય છે. પદમડુંગરી પ્રોજેક્ટ સરકારશ્રી દ્વારા કુલ ૧૭૧૮ કામો માટે રૂ. ૧૨ કરોડની માતબર રકમ મંજૂર કરવામાં આવી છે. જેમાં ચેકડેમ બનાવવા, તળાવ ઊંડા કરવા, ગેબિયન સ્ટ્રક્ચર વગેરેનો સમાવેશ કરી ગામોમાં પાણીની અછતને નિવારી શકાય તે માટેની કામગીરી કરાશે.

આ યોજના થકી લોકોની આજીવીકા માટે સખી મંડળોને રિવોલ્વિંગ ફંડ આપવું, વિવિધ સાધન સહાય જેવી કે મસાલા મિલ યુનિટ, મંડપ ડેકોરેશન, અથાણા પાપડ યુનિટ, કેટરિંગ કીટ જેવા સાધનો થકી જરૂરિયાત મંદ પરિવારોને આપીને તેઓની આર્થિક સ્થિતિમાં સુધારો કરી પગ પર બનાવવાના પરિણામલક્ષી પ્રયાસો આદરવામાં આવી રહ્યા છે. ખેતીવાડીની પ્રવૃત્તિ માટે પણ આ યોજના ખૂબ જ મદદરૂપ નીવડી રહી છે.

આ વેળાએ, જિલ્લા પંચાયત સભ્ય શ્રીમતી વાસંતીબેન પટેલ, ડોલવણ તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી ભાવનાબેન પટેલ, સંબંધિત વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ, ખેડૂતો, બાળકો, નાગરિકો ઉપસ્થિત રહ્યાં હતા.

Date-26/02/2025 Wednesday

# ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## છત્રપતિ શિવાજી મહારાજ જયંતિ એર રાયફલ ટ્રેનિંગ રાજપુત વ્યાપાર વિકાસ મંડળ અને કર્મવીર ફાઉન્ડેશન દ્વારા આજે ગાંધીનગર ખાતે ઉજવવામાં આવી

**ગાંધીનગર-**છત્રપતિ શિવાજી મહારાજ જયંતિ એર રાયફલ ટ્રેનિંગ રાજપુત વ્યાપાર વિકાસ મંડળ અને કર્મવીર ફાઉન્ડેશન દ્વારા આજે ગાંધીનગર ખાતે ઉજવવામાં આવી અહી રાજપૂત સમાજના વિદ્યાર્થી યુવા સ્પોર્ટ્સમેન સ્પોર્ટક્ષેત્રના નિષ્ણાત આગેવાન એર રાયફલ ટ્રેનિંગ એડ્રેસ એમના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.






અહી રાજકોટ ભાવનગર બરોડા અમદાવાદ ના વ્યાપારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. અને શ્રી શિવાજી મહારાજના જયઘોષ સાથે આ કાર્યક્રમ યોજયો હતો. જયાં આવનારા ઓલમ્પિક માં રહેલી વિવિધ તકો વિશે પણ ચર્ચા કરવામાં આવી હતી. સ્થળ ગાંધીનગર તારીખ ૧૯/૨/૨૦૨૫ બુધવાર આયોજક રાજપૂત વ્યાપાર વિકાસ મંડળ અને કર્મવીર પોસ્ટ અને એજ્યુકેશન ફેડરેશન ફ્રોમ રાજપૂત વ્યાપાર વિકાસ મંડળ સંપર્ક -૯૮ ૯૮ ૫ ૯૨૭૯૪.

## શ્રી. વિહળ ઇન્ટરનેશનલ વિધાપીઠ દ્વારા આયોજિત વિજ્ઞાન દિવસ





વિદ્યાર્થીમાં રહેલી સુષુપ્ત સર્જનાત્મક શકિતઓને શાળા દ્વારા પ્લેટફોર્મ મળી રહે તે હેતુથી K.G. થી ૧૨ ( સાયન્સ, કોમર્સ અને આર્ટ્સ ) ના વિદ્યાર્થી ભાઈ, બહેનોને શિક્ષકોના ઉમદા માર્ગદર્શન સાથે અદ્ભુત પ્રાયોગિક વર્કિંગ મોડલ બનાવ્યાં હતાં.

વિદ્યાર્થી પ્રતિભાને બિરદાવા માટે પાળિયાદ ઠાકર ૫ .પૂ. શ્રી.શ્રી.૧૦૦૮ મહામંડલેશ્વર નિર્મળા બા તથા વિસામણબાપુની જગ્યા માંથી મોટી સંખ્યામાં ભાવિક જણ પણ ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતાં.

સમગ્ર શાળામાંથી ૮૫૩ વિદ્યાર્થી ભાઈ બહેનોએ વિજ્ઞાન દિવસમાં ભાગ લીધો હતો. વિજ્ઞાનના સિદ્ધાંતોને આધારિત વિદ્યાર્થીએ ૪૨૬ અલગ અલગ મોડેલો બનાવ્યા હતા. જેમાંથી ૧૩૭ વર્કિંગ મોડેલ બનાવ્યા હતા.

હાલમાં આપણા રાષ્ટ્રને જેની જરૂર છે. તે પ્રકારની સર્જનાત્મકતા થી મોડલો શાળાના બાળ વૈજ્ઞાનિકોએ બનાવ્યા હતા. મુખ્યત્વે માર્ગ પરિવહન અકસ્માત નિવારણ, રેલવે અકસ્માત નિવારણ, ફાયર સેફ્ટી પ્રોજેક્ટ, ભાષા પ્રોજેક્ટ, વાણિજય અને વિનિમય પ્રોજેક્ટ, સ્વદેશી ડ્રોન પ્રોજેક્ટ, નગર વ્યવસ્થાપન પ્રોજેક્ટ, ઈલેક્ટ્રીક સીટી, જળ પ્રદૂષણ, પર્યાવરણ અને રાષ્ટ્રની સુરક્ષા અને સલામતી માટે અલગ અલગ પ્રોજેક્ટ વિદ્યાર્થીઓએ જાતે શિક્ષકોના માર્ગદર્શનની સાથે અલગ અલગ મોડલ બનાવ્યા હતા.

વર્ગખંડ અને પાઠ્યપુસ્તકની બહાર વિદ્યાર્થીમાં પડેલી સર્જનાત્મક શક્તિઓને અભિવ્યક્ત કરવા માટે શાળા મેનેજમેન્ટ દ્વારા એક સુંદર પ્રયોગ કરવામાં આવ્યો હતો. જેને લોકોએ સંખ્યામાં નિહાળ્યો હતો.

કાર્ય અનુભવ દ્વારા પ્રયોગાત્મક શિક્ષણનું શાળાએ શિક્ષણ જગતમાં ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના ટ્રસ્ટી શ્રી અરવિંદભાઈ ચાંદપરા, શ્રી મહાવીરભાઈ ખાચર અને સમગ્ર ટ્રસ્ટી મંડળે એક અનેરી સર્વાંગી હુંફ આપી હતી. સાથોસાથ શાળાના ડાયરેક્ટર શ્રી સંજીવભાઈ પટેલ, પ્રિન્સિપાલ વી. કે. મહેતા શ્રી.નિમિષા મેડમ તથા સમગ્ર શિક્ષક ભાઇ,બહેનોએ અદ્ભુત મહેનત કરીને સમગ્ર કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

## શ્રી અંબિકાનિકેતન મંદિર, બારડોલી ખાતે માતાજીની ૪૧ મી સાલગીરીની ઉજવણી



**બારડોલી-**શ્રી ગોવિંદા શ્રમ ટ્રસ્ટ સંચાલિત, શ્રી અંબિકાનિકેતન મંદિર, બારડોલીની માતાજીની ૪૧મી શાલગીરીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જે નિમિત્તે માતાજીની હવન પૂજન વિધિ કરવામાં આવી હતી. આ પ્રસંગે માતાજીના દર્શન કરવા માટે વહેલી સવારથી જ મંદિરમાં દર્શનાર્થીઓની ભારે ભીડ જોવા મળી હતી. સાથે સાથે ભાવિક ભક્તોએ મહાપ્રસાદી નો લ્હાવો લઈ ધન્યતા અનુભવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે વિદેશ સ્થિત દિનેશભાઈ સી. દેસાઈ પ્રમુખ-ટ્રસ્ટી તથા ભાવેશ પી.પટેલ મંત્રી ટ્રસ્ટી ના માર્ગદર્શન હેઠળ, દુષ્યંત સી. પટેલ.( મેનેજીંગ ટ્રસ્ટી), પંકજ જોષી (ટ્રસ્ટી, ) જયેશ એ.પટેલ (ટ્રસ્ટી), ધનસુખ બી.પટેલ (ટ્રસ્ટી), તથા શ્રી ગોવિંદાશ્રમ ટ્રસ્ટ-બારડોલી તેમજ માતાજીના સૌ ભક્તો દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું.

## પ્રતિબંધિત હિન્દુસ્તાન પુલ, લીબી તથા ખેરવાડાના પુલ પરથી મોટા વાહનો પસાર થઇ રહ્યાં છે

**સોનગઢ-** સોનગઢ તાલુકાના હિન્દુસ્તાન પુલ પર ભારે વાહનો પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. તેમ છતાં તંત્રની રહેમ નજર હેઠળ ભારે વાહનો પસાર થઈ રહ્યા છે. ઉપરાંત વારંવાર તંત્ર દ્વારા જાહેરનામું બહાર પાડી લીબીનો ઘામણી પુલ તે સાથે ખેરવાડાનો અંજના પુલ પણ વાહન વ્યવહાર માટે પ્રતિબંધિત કરવામાં આવ્યો હોવા છતાં આ જર્જરિત રસ્તા પરથી ભારે વાહનો જતા હોય પુલ તૂટવાની સંભાવના રહી છે. જેથી સ્થાનિકોની અવાર જવર માટે મુશ્કેલી વધશે. જેથી લીબી અને ખેરવાડાના પુલ પણ બનાવવા જરૂરી હોવાનું ગ્રામજનોએ જણાવ્યું છે. સાથે ભારે વાહનો પણ તાત્કાલિક અસરથી બંધ કરવા રજૂઆત કરી છે.

## ઓલપાડના કમરોલી-અસનાદ રોડ પર ટ્રેક્ટરના સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવતા દુર્ઘટના સર્જાઈ



**બારડોલી-** સુરત જિલ્લાના ઓલપાડ તાલુકામાં એક દુર્ઘટના સામે આવી છે. કમરોલી ગામની સીમમાં કમરોલીથી અસનાદ જતા રોડ પર એક ટ્રેક્ટર પલટી ખાતા ચાલકનું મોત નિપજયું છે. મૃતક ગીરીશભાઈ બાબુભાઇ પટેલ (ઉંમર ૩૬ વર્ષ) કમરોલી ગામના રહેવાસી હતા. તેઓ કનૈયાભાઇ નરસિંહભાઇના ખેતર પાસે પોતાના આઈસર કંપનીના ટ્રેક્ટર થી પસાર થઈ રહ્યા હતા.

દુર્ઘટના ત્યારે સર્જાઈ જયારે ગીરીશભાઈએ ટ્રેક્ટરનું સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો. જેથી ટ્રેક્ટર રોડની સાઈડમાં આવેલી પાણીની કાંસમાં પલટી ખાઈ ગયું હતું. આ દુર્ઘટનામાં ગીરીશભાઈ ટ્રેક્ટર નીચે દબાઈ ગયા હતા. તેમને છાતીના ભાગે ગંભીર ઈજા થઈ અને કાંસના પાણીમાં પડી જતાં ઘટનાસ્થળે જ તેમનું મોત નિપજયું છે. આ મામલે ઓલપાડ પોલીસે તપાસ શરૂ કરી છે.

### વિદ્યાકુંજ વિદ્યાલય વિરપુર ખાતે

## જિલ્લા લોક વિજ્ઞાન કેદ્ર દ્રારા આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસની સિલ્વર જયુબિલી પોસ્ટ કાર્ડ લખીને ઉજવાયો







**તાપી-** તાપી જિલ્લામા આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસની સિલ્વર જયુબિલી જિલ્લા લોકવિજ્ઞાન કેદ્ર દ્રારા વિરપુર શાળાની દિકરીઓએ પોસ્ટકાર્ડ લખી ઉજવાયો અને માતૃભાષાનુ ગૌરવ જાળવ્યુ.

આ પ્રસંગે જિલ્લા લોકવિજ્ઞાન કેદ્રના ડાયરેક્ટર કેતનભાઇ શાહ દ્રારા આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ વિષે વિસ્તારથી સમજાવતા જણાવ્યુ હતુ કે ૧૯૯૯મા યુનેસ્કોએ આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ ઉજવવાનુ નક્કી કર્યુ. ૨૧ મી ફેબ્રુઆરીને આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ તરીકે ઉજવવાનુ નક્કી થયુ. વર્ષ ૨૦૦૦ થી દર વર્ષે ૨૧મી ફેબ્રુઆરી વિશ્વભરમા માતૃભાષા તરીકે ઉજવાય છે. વિશ્વભરમા ૬૦૦૦ ભાષાઓ બોલાય છે. ભારતમા કુલ ૧૨૧ જેટલી ભાષાઓ બોલાય છે. પરંતુ બંધારણ મુજબ ૨૨ ભાષાઓને માન્યતા છે. સૌથી વધારે લોકોની માતૃભાષા હિન્દી છે. બાળકોને માતા તરફથી મળેલી ભાષા પરિવારમા બોલાતી ભાષા એટલે માતૃભાષા જે ભાષામા વિચારવાનુ લાગણીઓ અનુભવવાનુ તેમજ લાગણીઓ અને વિચારો પ્રદર્શિત બાળક શિખ્યુ તે ભાષા એટલે માતૃભાષા. બાળક સાભળી સાભળીને માતૃભાષા શીખી જાય છે. ગર્ભમાથી જ બાળક માતની ભાષા શીખવા લાગે છે તેથી તે માતૃભાષા કહેવાય છે.

## બાજીપુરા પ્રાથમિક શાળાના છાત્રોએ જિલ્લા કક્ષાએ કૌવત બતાવ્યું



વાલોડ - જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા આયોજિત જિલ્લા કક્ષાના રમોત્સવ વ્યારા કોલેજમાં યોજાયો હતો, જેમાં બાજીપુરા ખાતે આવેલ એસ. એન્ડ આર.વી. પટેલ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ જિલ્લા કક્ષાએ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો, જેમાં કુલ છ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, જે પૈકી ચાર વિદ્યાર્થીઓ પ્રથમ ક્રમાંક આવ્યા હતા. એક વિદ્યાર્થી દ્વિતીય ક્રમે અને એક વિદ્યાર્થી તૃતીય ક્રમે મેળવ્યો હતો. ૧. પ્રજાપતિ મિત કાનજીભાઈ ૫૦ મીટર દોડમાં પ્રથમ ક્રમે આવ્યા ૨. ચૌધરી સમર્થ મુકેશભાઈ સ્ટે બ્રોડ જમ્પમાં પ્રથમ ક્રમ ૩. રાઠોડ નવ્યા નીતિનભાઈ સ્ટે બ્રોડ જમ્પમાં પ્રથમ ક્રમ ૪. ચૌધરી ઝીલ વિનોદભાઈ ૩૦ મીટર દોડમાં પ્રથમ ક્રમ ૫. પ્રજાપતિ મિત કાનજીભાઈ દ્વિતીય ક્રમ સ્ટે બ્રોડ જમ્પમાં બીજા ક્રમે તથા ચૌધરી દર્શ સુભાષભાઈ તૃતીયક્રમે સ્પર્ધામાં આવ્યા હતા.

**સ્કુલના વ્યાયામ શિક્ષક રણજીતસિંહ એ.ચાવડા સાહેબ ની મહેનતથી વિદ્યાર્થીઓ સ્કુલની સ્પર્ધાઓ માં ઝડકયા.**

### PCR વાનને ટક્કર મારી ભાગવા જતા પોલીસે પીછો કરી ઝડપી પાડયો

## બારડોલીનો યુ-ટ્યુબર ફેનિલ દેસાઈ મિત્ર સાથે ડ્રિંક એન્ડ ડ્રાઈવનાં ગુનામાં ઝડપાયો

**બારડોલી-**બારડોલીના બાબેનમાં રહેતો યુ-ટ્યુબર કોમેડિયન ફેનીલ દેસાઈ મોડીરાતે પોતાની કારમાં નશાની હાલતમાં મિત્ર સાથે લટાર મારવા નીકળતા બારડોલી પોલીસના હાથે ઝડપાયો હતો.

મળતી માહિતી મુજબ, બારડોલી ટાઉન પોલીસ રાત્રે બારડોલીના સુરતી નાકા વિસ્તારમાં લીનિયર બસ સ્ટેન્ડ સામેના રોડ ઉપર વાહન ચેકિંગ કરી રહી હતી. તે સમયે તેમને એક કાર સર્પાકાર ગતિએ ઝડપભેર આવતી જોવા મળી હતી. પોલીસે ઈશારો કરી કાર થોભાવવાની કોશિશ કરી હતી. ગભરાયેલા ચાલકે ભાગવાની કોશિશ કરતા તેનું વાહન પોલીસની PCR વાનને ટક્કર મારી ભાગી છૂટી હતી. શંકા જતા પીછો કરી ભાગેડું કારને ઝડપી પોલીસે તપાસ કરતા કારનો ચાલક કોમેડિયન ફેનીલ દેસાઈ (રહે. લેકસીટી,બાબેન) નશાની હાલતમાં જણાયો હતો. પોલીસે તેની સાથે કારમાં સવાર હર્ષ દિલીપ દેસાઈ (રહે.કરમલા, ઓલપાડ) ની તપાસ કરતા તે પણ નશાની હાલતમાં જણાયો હતો. પોલીસે બંનેને અટકાયતમાં લઈ ફેનીલ વિરુદ્ધ ડ્રીક એન્ડ ડ્રાઈવ અને એમ.વી. એક્ટ મુજબ તથા હર્ષ દેસાઈ વિરુદ્ધ નશો કરવા બાબતે અલગ-અલગ ફરિયાદો દાખલ કરી હતી. અનેક કોમેડી વીડિયો બનાવી યુ-ટ્યુબ પર મનોરંજન પૂરું પાડતો ફેનીલ દેસાઈ ડ્રીક એન્ડ ડ્રાઈવના ગુનામાં ઝડપાતા બારડોલીમાં હાંસીને પાત્ર બન્યો હતો.

જોઈએ છે..! જોઈએ છે..!



ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..

આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો

http://www.gujataatmiyata.in/
9016924808 Himanshu Thakor
himanshuthakor242 Kutumb

ભાડેથી જોઈએ છે

રો હાઉસ , શાસ્ત્રી રોડ બારડોલી



બારડોલી શાસ્ત્રી રોડ, શિશુ મંદિર, સૃષ્ટિ-સ્વર વિલા ની આજુ-બાજુ ની સોસાયટીમાં રો-હાઉસ ભાડેથી જોઈએ છે...

આત્મીય પ્રોપર્ટી બારડોલી
+91-9016924808



કન્ટ્રકશન ના બાંધકામ માટે સંપર્ક કરો...!!!
Mo. 9624532454

ગ્રાઉન્ડ ફ્લોર ની દુકાન વેચવાની છે....!!

૧) બારડોલી-શાસ્ત્રી રોડ ૨) ઘામળોદ રોડ

શાસ્ત્રી રોડ પર રો -હાઉસ, બંગલો લેવા માટે સંપર્ક કરો

Mo. 9016924808

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. PRINTED BY-YASH TRADING, PLOT NO.- 26, KHODIYAR NAGAR, NEAR SHIDDHIVINAYAK MANDIR, BHATENA , SURAT, ( GUJARAT).